RNI No.: GUJGUJ/2015/65690

ॐकार संप्रदाय
( धार्मिक - आध्यात्मिक पथ )

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષ: ૦૯ | અંક: ૧૨ | જૂન - ૨૦૨૪ | કિંમત: ૧૦/-



# માનવમાંથી મહામાનવ બનવાની ક્રિયા

## સાધકમાંથી સિદ્ધ બનાવી દેનાર

## અતિશક્તિશાળી પ્રચંડ અને દુર્લભ શક્તિપાત એટલે

# ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

**ભાગ-૧, ભાગ-૨**

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે
આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**



|| ૐ નમઃ ||

ૐકાર संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી** કિંજલભાઈ શાહ

**સહતંત્રી** મિહિરભાઈ શાહ



**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No. : E/21646/Ahmedabad

સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯



**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

જૂન -૨૦૨૪ | પાના નં: ૨૪
વર્ષ: ૦૯ | અંક: ૧૨
કિંમતરૂ.: ૧૦/-


# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

આપણી ભારતીય સંસ્કૃતિમાં ગુરુને ભગવાનથી વિશેષ એટલે માનવામાં આવે છે કે એ આપણને અજ્ઞાનરૂપી અંધકારથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જાય છે. ગુરુ જ એક એવું માધ્યમ છે કે જેમના જ્ઞાન થકી આપણા જીવનના સંકટોમાંથી ઉગરવાનો માર્ગ મેળવી શકાય છે તેમજ આધ્યાત્મિક દિશામાં પ્રયાણ કરી મોક્ષનો માર્ગ મેળવવામાં પણ ગુરુ જ આપણા રાહદર્શી બની શકે છે.

સર્વજન કલ્યાણાર્થે પોતાનું જીવન સમર્પિત કરી દેનાર એવા સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી એક એવી જીવનપુંજી આપણી પાસે છે કે જેમનું ઋણ કદાચ આપણે ક્યારેય નહીં ચૂકવી શકીએ, કારણકે એમણે આ પૃથ્વીલોકને એવા સિદ્ધમંત્રો, સાધનાઓ, મંત્રશક્તિપાત, ચાલીસાઓ રચિત કરીને તમામ મનુષ્યજાતિને અમૂલ્ય ભેટ પ્રદાન કરી છે કે આવનાર યુગો-યુગો સુધી એના સ્મરણ અને રટણ માત્રથી મનુષ્યજાતિનું કલ્યાણ થતું રહેશે. આવા પરમ વંદનીય સદ્‌ગુરુ ૐઋષિના ચરણોમાં આપ સૌ વતી વંદન કરી એમને નતમસ્તક થઉં છું.

અહીં ગુરુજીના એક ભક્ત શ્રીમતી આરતીબેન મહેતાએ રચેલ કાવ્ય રચના રજૂ કરું છું.

## ‘સ્વર્ણિમ અજવાળું’

અજવાળું પથરાયું સ્વર્ણિમ અજવાળું પથરાયું,
સદ્‌ગુરુ કેરા શુદ્ધ સ્મરણનું રશ્મિ સ્મિતે પધાર્યું,
ધન્ય ધન્ય છે ભાગ્ય અમારું, મનડું બહુ મલકાયું,
અજવાળું પથરાયું સ્વર્ણિમ અજવાળું પથરાયું ;
ઋષિનું સ્મરણ અમે તો કરીએ, ભવસાગર તરીએ,
આંખો મીંચી ૐઋષિનું ધ્યાન સદાયે ધરીએ,
કૃપા વિંદ શ્રી ૐઋષિનું નજરાણું સમાયું,
અજવાળું પથરાયું સ્વર્ણિમ અજવાળું પથરાયું ;
એક જ પળમાં હસવાનું ને બીજી પળે રડવાનું,
ૐઋષિના આશિષથી સંપૂર્ણ સુખ જડવાનું,
સદ્‌ગુરુ કેરી નિશ્રામાં સકલ વિશ્વ સંતાયું,
અજવાળું પથરાયું સ્વર્ણિમ અજવાળું પથરાયું ;
સદ્‌ગુરુ કેરા આશિષથી દીવડા પ્રગટ્યા રગ રગમાં,
સદ્‌ગુરુ કેરી નજરે બધુંય રૂડું લાગે જગમાં,
જાણ્યું ક્યાં દુખિયારી આંખે કેમનું ભાગ્ય પલટાયું !
અજવાળું પથરાયું સ્વર્ણિમ અજવાળું પથરાયું ;
શરણ મળ્યું જ્યાં સદ્‌ગુરુ કેરું ગહન જ્ઞાન ઘુંટાયું,
ૐકારના અખંડ મનન મહી કર જોડીને મન જોડાયું,
અજવાળું પથરાયું સ્વર્ણિમ અજવાળું પથરાયું.

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા મંત્રો, દિવ્ય સાધનાઓ તેમજ વિવિધ દિવ્ય રાહો દ્વારા આપ સૌના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તેવી પ.પૂ. સદ્‌ગુરુ ૐઋષિના શ્રીચરણોમાં અભ્યર્થના સાથે ૐ નમઃ...

તંત્રી,
કિંજલભાઈ શાહ

ॐकार संप्रदाय
( धार्मिक - आध्यात्मिक पथ )



ॐकार संप्रदाय
( धार्मिक - आध्यात्मिक पथ )

# સદ્‌ગુરૂ પ.પૂ. સંતશ્રી ૐઋષિસ્વામી સાથે સદૈવ સંયુક્ત રહેવાની શાસ્ત્રોક્તવિધિ

સર્વપ્રથમ આસન પર બેસવું. નિજ મંદિરમાં અથવા તો પૂજાસ્થાને સ્થાપિત ૐઋષિની મૂર્તિ અથવા તો ફોટા સામે સુખાસન(આપની અનુકૂળતા પ્રમાણે) માં બેસવું. ઊભી વાટનો દીવો અને અગરબત્તી કર્યા બાદ એકવાર ૐઋષિ વિરચિત 'ૐકાર ચાલીસા' નો પાઠ કરી નીચેના મંત્રનું ત્રણ વાર અને શ્લોકનું એક વાર ઉચ્ચારણ કરી મનોમન ૐઋષિનું આહ્‌વાન કરવું.

**મંત્ર :॥ ૐ સિદ્ધા ૐઋષિ પ્રાંગ પ્રાંગ નમઃ ॥ (ત્રણ વાર)**

**શ્લોક : ॥ ૐ ત્રિદાત કાર્યવા નુદીકા સિદ્ધ રક્ષ રક્ષ નમઃ ॥ (એક વાર)**

સદ્‌ગુરૂ ૐઋષિનું આહ્‌વાન કર્યા બાદ તમારા અંતઃકરણમાં જે કોઇ કામના હોય, માગણી કે ઇચ્છા હોય તેને પ્રગટ કરવી અને જો તે મનોકામના પરિપૂર્ણ થઇ જશે તો એક શ્રીફળ ધરાવવાનો અને ઊભી વાટનો એક દીવો પ્રગટાવવાનો સંકલ્પ લેવો. અનુકૂળતા પ્રમાણે પૂજાના સ્થાન - ૐઋષિની મૂર્તિ કે ફોટાને સ્થાનાંતરિત કરી શકાય છે તેમાં કોઇ દોષ નથી.

જો તમારા હૃદયમાં સંપૂર્ણ શ્રદ્ધા અને પૂર્ણ વિશ્વાસ સદ્‌ગુરૂ ૐઋષિ માટે સ્થાપિત હોય તો જ મનોકામનાની પૂર્તિ માટેની આ શાસ્ત્રોક્તવિધિ સંપન્ન કરવી અન્યથા નહિ. ચલિત શ્રદ્ધા અને અપૂર્ણ વિશ્વાસ તમારી મનોકામનાની સિદ્ધિ પરિપૂર્ણ નહીં કરાવે, કારણકે ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં કહ્યું છે કે, ' श्रद्धावांलभते ज्ञानं ' અર્થાત્ 'શ્રદ્ધાયુક્ત વ્યક્તિને જ મારી કૃપાશક્તિનો - જ્ઞાનનો લાભ મળી શકે છે.'



॥ ૐ નમઃ ॥

## સદ્‌ગુરુ ૐઋષિ અને આધ્યાત્મિકતા

શુભ અને મંગલમય મનોકામનાની પૂર્તિ માટે જ આ મંત્રવિધિનો પ્રયોગ કરવો. વિધિ સમયે ક્ષણમાત્ર પણ સંશય કે અશ્રદ્ધા ઉદ્વેગ થાય તો મંત્રપ્રયોગ પૂર્ણ થયા બાદ દસ મિનિટ માટે શાંત બેસી રહેવું, જેથી તેનું સચોટ પરિણામ તમે મેળવી શકો.

'ૐકાર ચાલીસા'માં ૐઋષિએ વેદોક્ત સત્ય પ્રગટ કર્યું છે કે ૐકારથી જ આ સૃષ્ટિનું નિર્માણ થયું છે. બ્રહ્માંડમાં સર્વત્ર ૐકારનો અનાહત નાદ ગૂંજી રહ્યો છે. તમારી આસપાસ પણ એ સ્પંદિત થઇ રહ્યો છે. જો તમે આ મંત્રવિધિનો પૂર્ણતયા શ્રદ્ધા અને દૃઢ વિશ્વાસથી પ્રયોગ કરશો તો ૐકારનાં એ સ્પંદનોનાં માધ્યમથી તમે તત્કાળ ૐઋષિ સાથે સંયુક્ત થઇ શકશો અને તરત જ તેમની કૃપાશક્તિથી લાભાન્વિત થઇ જશો. આવશ્યક નથી કે ઘરમાં, આસન પર બેસીને જ ૐઋષિ તાદાત્મ્ય કેળવી શકાય. અનિવાર્ય સંજોગોમાં, અણધારી આફત વેળાએ ગમે તે સ્થાને, ગમે તે સમયે કેવળ ભાવપૂર્વક સદ્‌ગુરૂ ૐઋષિનું સ્મરણ કરી તેમનું શરણ લેવાથી પણ તમને એટલો જ લાભ મળશે એમાં કોઇ શંકા છે. સંતશ્રી તુલસીદાસજીએ કહ્યું છે, 'ગુરૂ બિન ભવનિધિ તરહી ન કોઇ' એટલેકે ગુરૂ વિના કોણ ભાવસાગર તરી શકે છે?'

તો નિયમિતપણે પ્રતિદિન આ મંત્રવિધિનો પ્રયોગ કરી સદૈવ સદ્‌ગુરૂ ૐઋષિની સાથે એકત્વ કેળવો અને તેમની અદ્‌ભૂત કૃપાશક્તિનો નિરંતર લાભ મેળવો.

ॐकार संप्रदाय®
( धार्मिक - आध्यात्मिक पथ )



## સદ્‌ગુરૂ ૐઋષિનું અભય વચન

**મંત્રશક્તિ અને પ્રણવબ્રહ્મ ૐકારનાં દિવ્ય ચૈતન્યની મારા પર જે દિવ્ય કૃપા ઊતરી છે તેની કૃપાવર્ષા આપના પર પણ અવશ્યમેવ થશે. જ્યારે તમે મને પૂર્ણ શ્રદ્ધા અને અનન્ય વિશ્વાસથી યાદ કરશો ત્યારે તમને તેનું ફળ અચૂક મળશે જ.**

|| ૐ નમઃ ||



# રથયાત્રા

## ૐકાર સંપ્રદાયનો સ્થાપના દિવસ એટલેકે રથયાત્રાના પાવનદિનની ઊર્જા પ્રાપ્ત કરવા ચમત્કારિક મંત્રસાધના

**સદ્ગુરુ ૐઋષિએ ૐકાર સંપ્રદાયની સ્થાપના અષાઢસુદ બીજ ૧૭ જુલાઈ, ૧૯૯૬ના રોજ રથયાત્રાના દિવસે કરી હતી અને એટલે જ ૐકાર સંપ્રદાયના ભક્તજનો માટે આ દિવસ ખૂબ જ પવિત્ર ગણવામાં આવે છે.**

પૂર્વ ભારતના ઓરિસ્સા રાજયમાં પુરી આવેલું છે. જેને પુરૂષોત્તમપુરી, શંખક્ષેત્ર, શ્રીક્ષેત્રનાં નામથી પણ ઓળખવામાં આવે છે. ભગવાન શ્રી જગન્નાથજીની તે મુખ્ય લીલા ભૂમિ તરીકે પ્રચલિત છે. ઘણાં ધર્મોની માન્યતા એવી છે કે રાધા અને શ્રીકૃષ્ણની યુગલ મૂર્તિના પ્રતિક સમાન સ્વયં શ્રી જગન્નાથ ભગવાન છે. ભગવાન શ્રી જગન્નાથ પૂર્ણ ઈશ્વર છે અને ભગવાન શ્રીકૃષ્ણ એમની શક્તિ અને કલાનું એક રૂપ છે.

ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા અષાઢ સુદ બીજનાં દિવસે જગન્નાથપુરીમાં શરૂ થાય છે. રથયાત્રાનું આ પર્વ ભારતનાં અલગ અલગ ક્ષેત્રમાં ભગવાન શ્રી જગન્નાથજીનો રથ કાઢીને આખા નગરમાં ફેરવવામાં આવે છે.

પુરીમાં પણ રથયાત્રા દરમ્યાન લાખો ભક્તજનો ભારત અને દુનિયાનાં અલગ અલગ ક્ષેત્રોમાંથી આવીને ભગવાનની આ રથયાત્રાનો લાભ લઈ પોતાને ધન્ય બનાવે છે.

રથયાત્રાના પાવન દિવસે ભગવાન શ્રી જગન્નાથજીની શક્તિ અને આશીર્વાદની પ્રાપ્તિ થાય તે માટે આપને હું એક દિવ્ય સાધના આપી રહ્યો છું. આ સાધના આ વર્ષ દરમિયાન આવતી પીડાઓ તેમજ આર્થિક નિર્બળતાને દૂર કરી આપના મનને શાંતિ આપશે.

## :: દિવ્ય મંત્ર ::

**॥ ૐ શ્રી જગતનાથાય જગતનાથાય સર્વેષુ સિદ્ધાય નમઃ ॥**

**આ મંત્ર એક વર્ષમાં ૩૬૦૦૦ વખત કરી સિદ્ધ કરવો.**

**ખાસ નોંધ :** ૐકાર સંપ્રદાયના સ્થાપના દિને એટલે કે રથયાત્રાના પવિત્ર દિવસે ૐકાર સંપ્રદાયના દરેક ભક્તોએ ૐકાર ચાલીસાનો પાઠ પાંચ વખત કરવો.


**સદ્‌ગુરુ ૐઋષિ** દ્વારા આ ચેનલ ઉપર દરેક પ્રશ્નોના સમાધાન માટે અલગ - અલગ મંત્ર પ્રશ્નોનાં સમાધાન માટે આપેલ છે, માટે આ ચેનલ અચૂક જોવી, સબસ્ક્રાઇબ કરી બેલ આઇકન (ઘંટડી) ઉપર કલીક કરવું.



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદગુરુ ૐઋષિ સ્વામી

**અમારા નવા વિડીયો મેળવવા માટે સબસ્ક્રાઈબ કરો.**

YouTube

સ્ટેપ- ૧ યૂ ટ્યૂબ ચેનલ પર કલીક કરો

સ્ટેપ- ૨ ટાઇપ કરો "SADGURU OMRUSHI"

સ્ટેપ- ૩ "SADGURU OMRUSHI" પર કલીક કરો

સ્ટેપ- ૪ SUBSCRIBE બટન કલીક કરો અને Bell ની નિશાનીને દબાવો.

સદ્‌ગુરુ ૐઋષિ દ્વારા રચિત રોજનો પવિત્ર શબ્દ નીચે આપેલ ચેનલ ઉપર આપ નિહાળી શકો છો.




# ગુરુપૂર્ણિમાના પાવન અવસરથી કરવાની દિવ્ય મંત્રસાધના

ગુરુનું સમગ્ર અસ્તિત્ત્વ એ એના ભક્તોની શ્રદ્ધા અને વિશ્વાસના આધારે આકાર લેતું હોય છે. કોઈપણ યુગમાં આપ જીવી રહ્યા હોય પરંતુ આપના જીવનમાં એક ગુરુ જે તમને આમનેસામને બેસીને તમારો હાથ પકડીને તમને તમારા સંસારની મુશ્કેલીમાંથી તો પાર પાડે જ પરંતુ આત્મકલ્યાણની પ્રાપ્તિ કરાવવા માટે પણ સામર્થ્યવાન હોય એને જ ગુરુ બનાવવા જોઈએ.

ગુરુ જોડે જો તમારો સીધો સંવાદ નથી થતો અને માત્ર ભીડમાં જ તમને ગુરુ સ્ટેજ ઉપરથી જ આશીર્વાદ આપે તો તમારું આત્મિક કલ્યાણ કે પછી સાંસારિક કલ્યાણ પૂર્ણરૂપે થતું નથી, કારણકે ગુરુ-શિષ્ય અને ગુરુ-ભક્ત આ બંન્ને પરંપરા પ્રમાણે ગુરુ શિષ્ય કે ભક્તને સીધા જ મળી શકે એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જે ધાર્મિક અને આધ્યાત્મિક ગુરુઓ ભીડમાં પણ ભક્તજનો અને શિષ્યોને સંબોધે છે એમની જ્ઞાન લેવાની પ્રક્રિયા એમના ગુરુ સાથેની તમે જોશો તો એ સંતોએ પણ પોતાના ગુરુ પાસે પ્રત્યક્ષ બેસીને જ્ઞાનની ગંગા લીધી હોય છે અને એટલા માટે જ તેઓ ગુરુ તરીકેના પદને શોભાવી શકે છે.

હું દૃઢપણે એવું માનું છું કે ગુરુ અને ભક્ત વચ્ચે સીધી વાતચીત અને સીધા જ્ઞાનનું આદાનપ્રદાન થવું જોઈએ.

આજે હું આપને ગુરુપૂર્ણિમાના પાવન અવસરથી દિવ્ય મંત્રસાધના આપવા જઈ રહ્યો છું. આ સાધના આપે ૩૬ દિવસ કરવાની છે.

# મંત્રસાધના

સૌપ્રથમ એક બાજઠ લેવો. તેના ઉપર લાલ કલરનું વસ્ત્ર પાથરવું. ત્યારબાદ નીચે આપેલ ૐ શ્રી ગુરુશક્તિ ઊર્જા ચક્ર સ્થાપનમાં મુકવું અને ૐકાર ચાલીસાની પુસ્તિકા સ્થાપનમાં મુકવી. ત્યારબાદ નીચે આપેલ મંત્રની એક માળા કરી ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો.

**મંત્ર : ॥ ૐ ગુરુત્યાની ગુરુત્યાની રક્ષામાહીત નમો નમઃ ॥**

**સાધના કેટલા દિવસ કરવી?** : આ સાધના ૩૬ દિવસ કરવી. વચ્ચે કોઈ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૩૬ દિવસ ગણીને સાધના કરવી.

**સ્થાપન કરવાનો સમય** : ગુરુપૂર્ણિમાના દિવસે સવારે ૭ થી ૧૦ માં સ્થાપન કરવું.

**સાધના કરવાનો સમય** : આખા દિવસમાં કોઈપણ સમયે કરી શકાય.

**વસ્ત્ર કયા પહેરવા?** : સાધના કરતી વખતે કોઈપણ કલરના વસ્ત્ર પહેરી શકાય.

**વિસર્જન કરવાની રીત** : ૩૬ દિવસની સાધના પૂર્ણ થયા ૐકાર ચાલીસાની પુસ્તિકાનો ઉપયોગ નિત્ય પાઠ કરવા માટે કરવો અને ૐ શ્રી ગુરુશક્તિ ઊર્જા ચક્રને કબાટમાં કે પૂજાના સ્થાનમાં મુકી દેવું.

## ૐ શ્રી ગુરુશક્તિ ઊર્જા ચક્ર



# દુર્લભ સત્યઘટના

આજે મારા જીવનમાં બનેલી એક દુર્લભ સત્યઘટનાના આપ સૌને સાક્ષી બનાવવા જઇ રહ્યો છું. જે ઘટનાનો મેં જાતે અનુભવ કર્યો છે. આ ઘટના વાંચ્યા બાદ આપ પણ અચૂક અનુભવ કરશો કે ખરેખર આ એક અતિ દુર્લભ ઘટના મારા જીવનમાં બની છે.

મારો એવો દાવો નથી કે મારી જોડે જે બન્યું એવી ઘટના બીજા જોડે નહીં જ બની હોય, પરંતુ મારી જોડે થયેલી આ ઘટના બીજા કોઇને પણ મંત્રમુગ્ધ બનાવી શકે એવી છે.

આ ઘટના ૧૯૯૧ના વર્ષની છે. હું મંત્રરચના અને મંત્રશાસ્ત્રનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી રહ્યો હતો. પ્રાચીનકાળથી ઋષિમુનિઓએ જે મંત્રો, શ્લોકો, ગાથાઓ, ચોપાઇઓ, પદોની રચના કરી એવી રીતે હું પણ એ પ્રકારની રચના કળિયુગમાં ઈન્દ્રલોકની ભાષા એટલે કે વાદત ભાષામાં કરી શકું એ માટે જ્ઞાન લઇ રહ્યો હતો.

"તારે મંત્રસર્જનમાં હજુ નિપુણ બનવું હોય તો હરિદ્વારમાં વર્ષમાં ત્રણ મહિના માટે પંડિત દેવદત્ત શીંદે નામના એક જ્ઞાની પંડિત આવે છે. મને જાણ છે કે એ મંત્રના જે પ્રકારના કોષ્ટક તું શીખી રહ્યો છે એવા મંત્રના કોષ્ટકો બનાવવામાં તેઓ ખૂબ જ નિપુણ છે. જો એ તને એમના જ્ઞાનથી આવા કોષ્ટકો શીખવાડવા તૈયાર થાય તો મંત્રસર્જનમાં તારો અભ્યાસ ખૂબ દિવ્ય અને સશક્ત બને અને બીજા ઘણા નવા મંત્રોનું સર્જન તું કરી શકે." એ વખતે મને મંત્રરચનાના કોષ્ટકો વિશે શીખવાડનાર ઋષિકેશથી અમદાવાદ આવીને રહેતા પંડિત શંકરનાથ મહારાજે કહ્યું હતું.

પંડિત શંકરનાથ મહારાજે મને હરિદ્વારની એ ધર્મશાળાનો ટેલિફોન નંબર આપ્યો જ્યાં પંડિત દેવદત્ત શીંદે કાયમ આવીને રહેતા હતા. ધર્મશાળામાં એ રહેવા ક્યારે આવશે એના વિશે મને તપાસ કરવા માટે કહ્યું હતું.

"પંડિત દેવદત્ત શીંદે અહીં આવશે ત્યારે હું તમારા વિશેની માહિતી એમને આપી દઇશ. તમે તમારું નામ, સરનામું અને ટેલિફોન નંબર લખાવી દો." હરિદ્વારની એ ધર્મશાળામાં મેં ફોન કર્યો ત્યારે મનોહર પાંડે નામના મેનેજરે મારો ફોન ઉપાડી અને મારા પ્રશ્નના જવાબમાં આવું કહ્યું હતું.

મનોહર પાંડેને મેં મારી બધી જ માહિતી અને ટેલિફોન નંબર લખાવી દીધો. આ વાતને લગભગ મહિનો પસાર થઇ ગયો હશે.

સાચું કહું તો એ દિવસ પછી હું પંડિત દેવદત્ત વિશેની વાત લગભગ ભૂલી ગયો હતો. એક દિવસની વાત છે. રવિવારની સવારે અગિયાર વાગે હું પંડિત શંકરનાથ મહારાજના ઘરે બેસીને મંત્રના કોષ્ટકો શીખી રહ્યો હતો. એ વખતે બપોરના બાર વાગ્યા હતાં અને એમના ઘરનો ડોરબેલ વાગ્યો.



|| ૐ નમઃ ||

પંડિત શંકરનાથજીની પત્ની લક્ષ્મીબેને દરવાજો ખોલ્યો હતો. દરવાજો ખોલતા જ સામે સફેદ ઝભ્ભો, ધોતીયું અને માથે કાળી ટોપી પહેરેલ પાંસઠ વર્ષની આસપાસની ઉંમર ધરાવતી વ્યક્તિ ઊભી હતી.

"મારું નામ પંડિત દેવદત્ત શીંદે છે. તમે હરિદ્વાર ફોન કરી મારા વિશે પૂછપરછ કરી હતી અને પંડિત શંકરનાથ મહારાજનું આ એડ્રેસ લખાવ્યું હતું." એમણે પોતાની ઓળખાણ આપતા કહ્યું હતું.

પંડિત દેવદત્તની વાત સાંભળી શંકરનાથ મહારાજ જમીન ઉપરથી એકદમ ઊભા થઇ ગયા અને એમની પાસે જઈ બે હાથ જોડી પગે લાગ્યા હતા.

એમણે મને પણ ઇશારો કરીને પગે લાગવા કહ્યું. મેં પણ એમનું અનુસરણ કર્યું. શંકરનાથ મહારાજે એમને ઘરમાં આવકાર્યા અને પલંગ ઉપર બિરાજવા કહ્યું હતું.

"પંડિતજી, આ મારો એકમાત્ર શિષ્ય છે. મંત્રસાધના અને મંત્રમાં ઊંડું જ્ઞાન લેવાની એ તીવ્ર ઇચ્છા ધરાવે છે. જો આપની કૃપા પ્રાપ્ત થાય અને આપ એને મંત્રના કોષ્ટકની પૂર્ણ સમજૂતી આપો તો આપનો ઉપકાર રહેશે. મારી પાસે જેટલું જ્ઞાન છે એટલું તો મેં એને શીખવાડી દીધું છે." પંડિત શંકરનાથ મહારાજે વિનંતીના સ્વરમાં કહ્યું હતું.

" હું એને ચોક્કસ મંત્રના કોષ્ટક શીખવાડું, પરંતુ એ શીખવાડમાં મને ત્રણ મહિના જેટલો સમય થાય અને હું કહું એ રકમ તમારે મને આપવાની રહેશે. તમને મંજુર છે?" થોડું વિચારી એમણે કહ્યું હતું.

"રકમ કેટલી થશે, બાપજી? " શંકરનાથ મહારાજે થોડું અચકાતા-અચકાતા પૂછ્યું હતું.

"રૂપિયા પચાસ હજાર." લક્ષ્મીબેને આપેલો ચાનો કપ હાથમાં લઇ એમણે કહ્યું હતું.

"બાપજી, થોડી રકમ ઓછી ના થઇ શકે?" પંડિત શંકરનાથ મહારાજે આજીજી કરતા પૂછ્યું હતું.

"શંકરનાથ, જ્ઞાન અમૂલ્ય છે. આમ તો એની કોઇ કિંમત ના હોય અને એ પણ કહી દઉં કે આ રકમ મારે જોઇતી નથી, પરંતુ પૂનામાં રહેતા એક પરિવારને એમની દીકરીના લગ્ન માટે મારે મદદ કરવાની છે. બાકી મારે તો ત્રણ મહિના સુધી અહીં રહેવાની અને જમવાની વ્યવસ્થા સિવાયની કોઇ જ અપેક્ષા નથી. તમે ના પાડશો તો પણ મને દુઃખ નહીં થાય." આટલું બોલી એમણે ચા સાથે ભજીયા ખાવાનું શરૂ કર્યું હતું.

પંડિત શંકરનાથ મહારાજ મને હાથ પકડીને બીજા રૂમમાં લઇ ગયા. (એ સમયે હું જાતે ચાલી શકતો હતો, હરીફરી શકતો હતો.)

"પંડિતજી તો બહુ રૂપિયા માંગે છે. પચાસ હજાર રૂપિયા એટલે બહુ મોટી રકમ કહેવાય. તારા ઘરેથી હા પાડશે?" એમણે મારી સામે જોઇને પૂછ્યું હતું.

"ઘરે પૂછી લઉં. બાકી આટલી મોટી રકમ માટે હા પાડે એવી શક્યતાઓ મને લાગતી નથી." મેં નિરાશ સ્વરે કહ્યું હતું.

શંકરનાથ મહારાજે એમના ત્યાં પંડિત દેવદત્તને રોકાવા માટે કહ્યું હતું.

એ દિવસે સાંજે ઘરે જઇ મેં આ વાત મારા દાદા અને દાદીને કહી હતી.

"પચાસ હજાર રૂપિયા!!!??? આટલી રકમમાં તો લોકોના દસ વર્ષ નીકળી જાય અને તારે આટલી મોટી રકમ આધ્યાત્મિક જ્ઞાન શીખવા માટે જોઇએ છે. તારા ભણવાનો ખર્ચો પણ વર્ષે દસ હજાર રૂપિયાથી વધારે નથી. આટલા રૂપિયા ત્રણ મહિનાના અને એ પણ મંત્રના જ્ઞાન વિશે ભણવા માટે આપી ના શકાય." દાદાએ સ્પષ્ટ ના પાડતા કહ્યું હતું.

"છોકરાને ભણવાની ઇચ્છા છે તો હા પાડી દોને, મંત્રના જ્ઞાનથી કશુંક નવું શીખશે તો એના જીવનમાં ઉપયોગી થશે. જા બેટા, તું તારે હા પાડી દેજે." મારા દાદીનું ઘરમાં વર્ચસ્વ સંપૂર્ણ હોવાના કારણે મારી અરજી પાસ થઇ ગઇ.

બીજા દિવસે પંડિત શંકરનાથ મહારાજને ત્યાં જઇ મેં આ ખુશખબર આપી. પંડિત દેવદત્તજીએ એ દિવસથી જ મને મંત્રના કોષ્ટક શીખવાડવાની શરૂઆત કરી દીધી.

પંડિત શંકરનાથ મહારાજના ઘરની બાજુનો જ ફ્લેટ એમના સાળાનો હતો જે ખાલી હતો. એમના સાળા દિલ્હી રહેતા હતાં, પરંતુ ફ્લેટની ચાવીઓ એમની પાસે હોવાના કારણે પંડિત દેવદત્તજીની રહેવાની વ્યવસ્થા ત્યાં કરી હતી.

હું રોજ નિત્ય સમયે એમની પાસે મંત્રના કોષ્ટકનું જ્ઞાન શીખવા લાગ્યો. પંડિત શંકરનાથ મહારાજ પણ અમારી જોડે બેસતા હતા.

પંડિત દેવદત્તજી મંત્રના કોષ્ટક શીખવાડમાં ખૂબ જ નિપુણ હતા. મંત્રના કોષ્ટકો શીખવાડવાની એમની પદ્ધતિ એટલી સટિક હતી કે જો મહેનત કરવાની તત્પરતા હોય અને મંત્રમાં ખૂબ રસ હોય તો તમે શીખી શકો.

પંદર દિવસ સુધી તો બધું બરાબર ચાલ્યું પરંતુ પંડિત શંકરનાથ મહારાજ અને એમના પત્ની લક્ષ્મીબેન થોડા ચિંતાતુર હોય એવું મને જણાયું.

“શું થયું? તમે બંન્ને પંદર દિવસથી ચિંતાતુર કેમ દેખાઓ છો?” એક દિવસ મેં એમના ઘરે જઈને પૂછ્યું હતું.

પંડિત શંકરનાથ મહારાજનો ફ્લેટ અને પંડિત દેવદત્તજીને આપવામાં આવેલો ફ્લેટ એક જ ફ્લોર પર હતો.

પતિ-પત્નીએ મારો સવાલ સાંભળ્યા પછી એકબીજા સામે જોયું હતું અને મને પલંગ પર બેસવા કહ્યું હતું.

"આ પંડિત દેવદત્તજીનો ખોરાક ખૂબ જ છે. સવારે ભોજનમાં વીસ રોટલી તો આરામથી ખાઇ જાય છે અને સાંજે ખીચડી ને શાક જ ખાય છે, પરંતુ ખીચડી તપેલી ભરીને ખાય છે. અમારું આખા વર્ષનું અનાજ એ ત્રણ મહિનામાં પતાવી દેશે. પંડિતજીના ભોજન માટે કોઇ બીજી વ્યવસ્થા ગોઠવવી પડશે." પંડિત શંકરનાથ મહારાજે મને એમની ચિંતાનું કારણ જણાવ્યું હતું.



|| ૐ નમઃ ||

મને એમની વાત ગળે ઉતરી નહિ, પરંતુ એ ખોટું ના જ બોલતા હોય એવો વિશ્વાસ મને ચોક્કસ હતો.

"અનાજની વ્યવસ્થા હું કરી આપું તો ચાલે?" વિચાર કર્યા પછી મેં એમને પૂછ્યું હતું.

"હા, તો કોઇ વાંધો નથી." લક્ષ્મીબેને જવાબ આપ્યો હતો.

મારા માતૃશ્રીની પર્સનલ બચતમાંથી મેં થોડા રૂપિયા માંગ્યા અને એમણે મને આપ્યા. એ રૂપિયા મેં પંડિત શંકરનાથ મહારાજને આપ્યા, જેથી ત્રણ મહિના સુખરૂપ પાર પડી જાય અને મારા મંત્રના કોષ્ટકો શીખવામાં કોઇ અડચણો ના આવે.

એ દિવસે સાંજે હું પંડિત દેવદત્તજીને લૉ-ગાર્ડન લઇ ગયો હતો, કારણકે એ બહારનો ખોરાક કેટલો ખાઇ શકે છે એ મારે જોવું હતું.

"અહીં ઓનેસ્ટની પાંઉભાજી બહુ સારી મળે છે. તમને ભાવશે?" એમ કહી હું એમને લૉ-ગાર્ડન લઇ ગયો હતો.

મારી ઇચ્છા એવી હતી કે એમનો ખોરાક ખરેખર વધારે છે કે કેમ એ મારે જાણવું હતું અને પંડિત શંકરનાથ મહારાજને પણ એવું ના થાય કે મને એમના ઉપર અવિશ્વાસ છે, માટે મેં આ પગલું ભર્યું હતું.

ઓનેસ્ટની બે પાંઉભાજીનો ઓર્ડર આપી હું એમને ખાતા નિહાળી રહ્યો.

દસ મિનિટમાં એમણે એમની પાંઉભાજી પૂરી કરી નાંખી અને બીજી પાંઉભાજી મંગાવવાનું મને કહ્યું. મેં બીજી પાંઉભાજી મંગાવી અને એ પણ એમણે પૂરી કરી નાંખી. આંગળીના ઇશારાથી એમણે ત્રીજી પાંઉભાજી મંગાવવા માટે કહ્યું. મેં ત્રીજી પાંઉભાજીનો ઓર્ડર આપ્યો. ઓર્ડર લેનાર વેઇટર પણ પાંઉભાજી ખાઇ રહેલા પંડિતને ટગર-ટગર જોઇ રહ્યો હતો. ત્રીજી પાંઉભાજી પૂરી કર્યા બાદ એમની ભૂખને કળ વળી હોય એવું મને લાગ્યું.

"પંડિતજી, આટલી ઉંમરે પણ આપનો ખોરાક સારો કહી શકાય એવો છે." મેં પૂરી આમન્યા સાથે કહ્યું હતું.

"હું જુવાન હતો ત્યારે મારો ખોરાક આનાથી ડબલ હતો, પરંતુ છેલ્લા આઠ વર્ષથી મારો ખોરાક ઘટી ગયો છે." પંડિતજીનો જવાબ સાંભળી મારી આંખો પ્હોળી થઇ ગઇ.

બીજા દિવસે મેં પંડિત શંકરનાથ મહારાજને પાંઉભાજી વાળી ઘટના વિગતવાર જણાવી હતી.

"ખરેખર, આ પંડિતજીનો બહુ ખોરાક છે. જો એક વર્ષ એમને રાખવા પડે તો દેવાળુ ફુંકાઇ જાય." મારી વાત સાંભળી લક્ષ્મીબેન બોલ્યા હતાં.

પાંઉભાજીની ઘટનાને અઠવાડિયું વીત્યું હશે ને એમણે મને ફરીવાર પાંઉભાજી ખાવાની ઇચ્છા જાહેર કરી હતી.

"હું તમને આજે એક નવી આઇટમ ખવડાવું છું. અમદાવાદમાં થોડાં સમયથી જ મળે છે." એમ કહી એમને હું દાબેલીની લારી ઉપર લઇ ગયો હતો.

"પંડિતજી જેટલી માંગે એટલી દાબેલી

એમને ખવડાવજો.” આટલું કહી હું એક સ્ટીલના સ્ટુલ ઉપર બેસી ગયો.

પંડિતજીને દાબેલી ખાતા જોઇને મારું મગજ ચકરાવે ચડી ગયું હતું. એમણે આઠ દાબેલી એ દિવસે વીસ મિનિટમાં ખાઇ લીધી હતી.

મારી સાથે-સાથે દાબેલી વાળો પણ આશ્ચર્યચકિત થઇ એની આજની આવક વધારનાર એ કસ્ટમરને જોઇ રહ્યો હતો.

એ દિવસે અમે મકાન ઉપર પાછા આવ્યા અને હું વોશરૂમમાં ગયો. બાથરૂમ એકદમ ચોખ્ખું અને કોરું હતું. બાથરૂમનો વપરાશ ના થતો હોય અથવા તો ઓછો થતો હશે એવું વિચારીને મેં એ વાત વધારે મનમાં લીધી નહિ.

પંડિતજી પોતાની સાથે લોખંડની એક પેટી લાવ્યા હતાં, જેમાં એમના ચાર જોડી કપડાં સિવાય બીજું કશું હતું નહિ. હું રોજના લગભગ છ કલાક એમની સાથે પસાર કરતો હતો, પરંતુ મેં એમને ક્યારેય પણ બાથરૂમમાં છ કલાક દરમ્યાન જતાં જોયા નહિ. કપડાંની પેટી પણ એની મૂળ જગ્યાએથી હલી નથી એની નોંધ પણ મેં લીધી હતી, પરંતુ એ વખતે આવી બધી વાતો મને નાની લાગતી હતી.

ત્રણ મહિનામાં એમની પાસેથી મંત્રના કોષ્ટકોનું જ્ઞાન મેળવી અને એમણે કીધેલા રૂપિયા એમણે કહ્યા મુજબના સરનામે મોકલી અને દિલ્હી જતી ટ્રેનમાં એમને બેસાડી હું અને પંડિત શંકરનાથ મહારાજ એમના ઘરે રાત્રે પરત આવ્યા.

"ભાઇ, તું બધું બરાબર શીખ્યો છેને? પંડિત દેવદત્તજીનો ખર્ચો એમને ચૂકવેલી દક્ષિણા સાથે રૂપિયા સાંઇઠ હજાર થયો છે.” પંડિત શંકરનાથ મહારાજે મારી સામે જોઇ મને પૂછ્યું હતું.

“હા, મેં શીખી તો બધું લીધું છે, પરંતુ આ વ્યક્તિ મને ખૂબ અજીબ લાગી છે.” મેં માથું ખંજવાળતા એમને કહ્યું હતું.

"હા, આવા જ્ઞાની સંતો થોડાં અજીબ હોય જ. આ તો સારું છે ચીલમ પીતા ન હતાં, નહિતર ચીલમની પણ વ્યવસ્થા કરવી પડત." પંડિત શંકરનાથ મહારાજે એમના મનમાં રહેલી વાત ઉચ્ચારી હતી.

પંડિત દેવદત્તજી સાથે જ્ઞાન લેવાની આ ઘટનાના અનુભવને મારે આઠ વર્ષ થયા હશે.

૧૯૯૮માં પંડિત શંકરનાથ મહારાજે મને ફોન કરીને બોલાવ્યો. એમને મળ્યાને પણ મારે એક વર્ષ થઇ ગયું હતું. હું એમના ઘરે પહોંચ્યો અને એમના ખબરઅંતર પૂછ્યા. એમના ઘરના પલંગ ઉપર એક યુવાન સંન્યાસી બેઠાં હતાં.

"આ સદાનાથ સ્વામી છે. નાથ સંપ્રદાયના સાધુ છે. મેં એમને પંડિત દેવદત્ત વિશેની વાત કરી. એ એમને મળવા માંગે છે. તારી પાસે હરિદ્વારની એ ધર્મશાળાનો નંબર છે?” પંડિત શંકરનાથ મહારાજે મને પૂછ્યું હતું.

એ સમયે ટેલિફોનનો જમાનો હતો એટલે મારા ખિસ્સામાં હું ડાયરી રાખતો હતો જેમાં બધાંના ટેલિફોન નંબર લખેલા હોય. એ વખતે મોબાઇલનું આગમન થઇ ચૂક્યું હતું અને સાથે-સાથે પેજરનો પણ જમાનો હતો, પરંતુ

મોબાઇલ મોંઘો હોવાના કારણે લોકો લગભગ ટેલિફોનનો જ ઉપયોગ કરતા હતાં.

મેં મારી ડાયરીમાંથી હરિદ્વારની ધર્મશાળાનો નંબર આપ્યો.

પંડિત શંકરનાથ મહારાજે હરિદ્વારની ધર્મશાળામાં ફોન કર્યો એ વખતે મેનેજર મનોહર પાંડેના બદલે નવા મેનેજર દીપક દાસ આવ્યા હતા. એમણે જે કહ્યું એ શબ્દસહ હું અહીં લખી રહ્યો છું.

"અમારી ધર્મશાળામાં છેલ્લા આઠ વર્ષથી હું મેનેજર છું. જૂના મેનેજર મનોહર પાંડે ૧૯૯૧માં જ મૃત્યુ પામ્યા હતાં અને આજ દિન સુધી આવા કોઇપણ પંડિત ત્રણ મહિના માટે અહીં આવતા નથી. તમારી કોઇ ભૂલચૂક થાય છે, મારી હાજરીમાં તો આવી કોઇ વ્યક્તિ આવી હોય એવું ચોક્કસ નથી." આટલું બોલી એમણે ફોન મુકી દીધો હતો.

દીપક દાસની વાત સાંભળીને મને અને પંડિત શંકરનાથ મહારાજને આંચકો લાગ્યો હતો.

"હું તો પહેલેથી જ કહેતી હતી કે જરૂર કોઇ લોચો છે, પરંતુ તમે મારી એક વાત માનતા નથી." લક્ષ્મીબેન ટેલિફોન પર થયેલી વાત સાંભળીને તરત જ બોલી ઉઠ્યા હતાં.

“આપણે પૂના જે લોકોને પૈસા મોકલ્યા હતો એ લોકોને એમના વિશે ખબર હશે. એમને પૂછીએ તો? મારે પંડિત દેવદત્તજી વિશે પૂરી માહિતી મેળવવી છે." પંડિત શંકરનાથ મહારાજે મારી સામે જોઇને પૂછ્યું હતું.

પૂના જેમને પચાસ હજાર રૂપિયા મોકલ્યા હતાં એમનું નામ-સરનામું મારી ડાયરીમાં લખાયેલું હતું. એ વખતે બધાં જ લોકો આવા મહત્વની વિગતો ડાયરીમાં ટપકાવી રાખતા હતાં.

મેં પૂના વાળા વ્યક્તિનું નામ-સરનામું જ્યાં રૂપિયા મોકલ્યા હતાં એ પંડિત શંકરનાથ મહારાજને આપ્યું. પંડિત શંકરનાથ મહારાજે પૂના એમના નાથ સંપ્રદાયના એક ભક્તને એ સરનામા ઉપર મોકલ્યો, પરંતુ એ સરનામા ઉપરથી વાત જે જાણવા મળી એ વાત પણ અક્ષરસહ આપને જણાવવી ખૂબ જ જરૂરી છે.

"મારું નામ વિનય પવાર છે. મારી દીકરીના લગ્ન વખતે મારે પૈસાની ખૂબ જ જરૂર હતી. એ વખતે એક સાધુએ મને એક મંત્ર આપ્યો હતો અને શિવ મંદિરમાં જઇ નંદીના કાનમાં એ મંત્ર અને મારે જોઇતી રકમ બોલવા કહ્યું હતું. આમ કરવાથી મારી પાસે જરૂર જેટલા રૂપિયાની વ્યવસ્થા થઇ જશે.” એવું એમણે મને આશ્વાસન આપ્યું હતું.

મેં શિવ મંદિરમાં જઈ સાધુના કહ્યા પ્રમાણે કર્યું, પરંતુ ત્રણ મહિના સુધી પૈસાની કોઇ જોગવાઇ ના થઇ.

અચાનક એક દિવસ અમદાવાદથી કોઇ દેવદત્ત પંડિત નામના વ્યક્તિના કહેવાથી રૂપિયા પચાસ હજારનું આંગડિયુ મને કરવામાં આવ્યું હતું. મારું મૂળ વતન માલેગાંવ છે. ત્યાં પંડિત દેવદત્ત નામના કર્મકાંડી રહેતા હતાં, પરંતુ એ ખૂબ જ દરિદ્ર હતા અને હું વર્ષોથી પૂના રહેતો હોવાના કારણે અને આર્થિક રીતે ખૂબ જ તકલીફમાં ફસાયો હતો માટે મારા વતન

માલેગાંવ જતો ન હતો.

આ પંડિત દેવદત્ત સિવાય હું બીજા કોઇ પંડિત દેવદત્તને ઓળખતો નથી અને પૈસા મળ્યા પછી આ વાત મેં આજે આપે પૈસા મોકલાવ્યા છે ત્યારે કહી રહ્યો છું. એ સિવાય કોઇને વાત કરી નથી, કારણકે આ વાત એ સાધુએ કોઇને પણ જણાવવાની મને ના પાડી હતી." આટલું બોલી વિનય પવાર ચૂપ થઇ ગયો હતો.

પંડિત શંકરનાથ મહારાજે પૂનામાં રહેતા એમના ભક્તના માધ્યમથી વિનય પવારને અમારી સાથે માલેગાંવ આવવા માટે રાજી કર્યો.

મારે એ ઝંઝટમાં પડવું ન હતું, પરંતુ પંડિત શંકરનાથ મહારાજ પાસેથી મેં જ્ઞાન લીધું હતું એટલે હું ના પાડી શક્યો નહિ અને એટલે અમે ત્રણ હું, પંડિત શંકરનાથ મહારાજ અને સદાનાથ સ્વામી ત્રણેય દોઢ દિવસની મુસાફરીના અંતે માલેગાંવ પહોંચ્યા હતાં. વિનય પવાર પણ ત્યાં આવી ગયો હતો.

માલેગાંવમાં એક ચાની કીટલી ઉપર મળવાનું નક્કી થયું હતું. વિનયભાઇના વાદળી શર્ટ ઉપરથી અમારે એમને ઓળખવાના હતાં. અમે પહોંચ્યા ત્યારે રાત્રિના આઠ વાગ્યા હશે અને વિનયભાઇ એકલા જ ચાની કીટલી ઉપર બેઠાં હતાં.

સૌપ્રથમ તો વિનયભાઇએ મેં મોકલેલા રૂપિયા પચાસ હજાર બદલ મારો ખૂબ આભાર માન્યો અને અમારી સાથે પંડિત દેવદત્તજીના ઘર તરફ એ ચાલવા લાગ્યા.

વિનયભાઇને શંકરનાથ મહારાજે અમે ના આવીએ ત્યાં સુધી એમના ઘરે ના જવા આજીજી કરી હતી એટલે એ પણ માલેગાંવ પહોંચ્યા બાદ અમારી રાહ જોઇને બેઠાં હતાં અને એમના ઘરે પૂછપરછ કરવા માટે ગયા ન હતાં.

વર્ષો જૂના ઘર પાસે આવીને અમે ચારેય જણ ઊભા રહ્યા. વિનયભાઇએ દરવાજો ખખડાવ્યો. એક યુવાને દરવાજો ખોલ્યો. એની અને વિનયભાઇ વચ્ચે મરાઠીમાં થોડી મિનિટો માટે વાતચીત થઇ. વાતચીત પત્યા બાદ વિનયભાઇ અમારી પાસે આવ્યા.

"આપ અંદર આવો. આ પંડિત દેવદત્તજીનો છોકરો શિવદત્ત શીંદે છે." વિનયભાઈ બોલ્યા હતાં.

અમે ઘરમાં દાખલ થયા અને પલંગ ઉપર અમે ચારેય જણ ગોઠવાયા હતાં.

"આ મારા માતાશ્રી સગુણાબેન શીંદે છે."

અમે એમની સામે જોઈ બે હાથ જોડી નમસ્કાર કર્યા.

"મારા પિતાશ્રી પંડિત દેવદત્ત શીંદે કર્મકાંડી હતા અને કર્મકાંડ સિવાયના સમયમાં લાલ ચોપડાઓમાં કોઇ કોષ્ટકો દોર્યા કરતા હતાં. મારા માતૃશ્રીને લાગતું હતું કે એમની માનસિક અવસ્થા બરાબર નથી, કારણકે મારાથી મોટી બે બહેનો હતી જેમની ઉંમર લગ્ન કરવા જેટલી થઇ ગઇ હતી, પરંતુ પૈસાના અભાવે લગ્ન શક્ય બનતા ન હતાં. હું એ વખતે એન્જીનિયરીંગનું ભણી રહ્યો હતો. પિતાની

કર્મકાંડની આવકમાંથી ઘર જ માંડ ચાલતું હતું તો બહેનોના લગ્ન કરવા તો શક્ય જ ન હતાં. એ ચિંતા મારા પિતાને અને માતૃશ્રીને કોરી ખાતી હતી અને એક દિવસ અચાનક મારા પિતાશ્રી મારી બહેનોના લગ્નનો ભાર લઇ હાર્ટએટેકથી મૃત્યુ પામ્યા. આ વાત ૧૯૮૫ની સાલની હશે. ત્યારબાદ મેં મારું ભણવાનું પૂરું કર્યું અને મારી બહેનોના લગ્ન કરાવ્યા અને આર્થિક રીતે અમે ઠરીઠામ થયા છીએ. હું પૂનામાં જ રહું છું. મારા માતૃશ્રી અહીંયા માલેગાંવ રહે છે. રજાના દિવસો હતાં અને એમની તબિયત સારી ન હતી એટલે હું એમને અહીં મળવા માટે આવ્યો છું." શિવદત્તે પોતાની વાત પૂરી કરી ત્યારે અમે ચારે જણ સડક થઇ ગયા હતાં.

અમને કાપો તો લોહી ના નીકળે એવી પરિસ્થિતિ ચોક્કસ સર્જાઇ ગઇ હતી.

"એમનો ફોટો જોવા મળશે?" મારા મોંઢામાંથી શબ્દો નીકળ્યા હતા.

શિવદત્ત એક રૂમમાં જઇ હાથમાં ફોટો લઇને આવ્યો. એ જ ધોતી, એ જ ઝભ્ભો અને એ જ કાળી ટોપી પહેરેલો એમનો ફોટો એણે અમને બતાવ્યો. ફોટાને પ્રણામ કરી અને મેં શિવદત્તને પૂછ્યું હતું.

"તમને વાંધો ના હોય તો એમણે લખેલા ચોપડા હું જોઇ શકું છું?" મેં શિવદત્તને પૂછ્યું હતું.

શિવદત્તે હકારમાં માથું હલાવ્યું અને મને એક રૂમમાં લઈ ગયો અને દસ ચોપડા એણે મારી સામે મુક્યા હતાં. મેં ઝડપથી એક પછી એક ચોપડા ખોલ્યા.

દરેકમાં અલગ-અલગ મંત્રના કોષ્ટકો અને એના ગણિતો એમણે લખ્યા હતાં. આ મંત્ર અને જ્ઞાનનો દિવ્ય ખજાનો હતો જે શિવદત્તને પસ્તી લાગતી હતી.

"આપને વાંધો ના હોય તો આ પુસ્તકો હું લઇ જાઉં?" મેં શિવદત્ત સામે જોઈ પૂછ્યું હતું.

"અમારા માટે તો આ પસ્તી સમાન છે. તમારા માટે કોઇ કામમાં આવતા હોય તો લઇ જાઓ." શિવદત્તે બોજ ઓછો થતો હોય તેમ કહ્યું હતું.

એ અમૂલ્ય પુસ્તકો લઇને હું અમદાવાદ પરત આવ્યો. એ પછી આ મુદ્દા ઉપર મેં ગહન સંશોધન કરતા મને ખબર પડી કે મંત્રના કોષ્ટક જાણનાર વ્યક્તિ સૂક્ષ્મ શરીરે આ ધરતી ઉપર જીવિત અવસ્થામાં જીવન જીવી શકે છે અને શિવ મંદિરમાં જઇ નંદીના કાનમાં મંત્ર બોલી (મંત્ર હું લખી નથી રહ્યો) પોતાની સાચી તકલીફ જણાવે તો એ તકલીફ એ મંત્રનું જ્ઞાન ધરાવનાર દિવ્ય શક્તિઓ કોઇ ને કોઇ રીતે એ લોકોની તકલીફો દૂર કરતા હોય છે.

કુદરતે મારા જીવનમાં આવી દુર્લભ ઘટના કેમ કરાવી એનો જવાબ તો કદાચ કુદરત જ આપી શકે, પરંતુ આજે મેં મારા જીવનનું આ રહસ્ય અને દુર્લભ સત્ય ઘટના ખરા હૃદયથી આપની સમક્ષ રજૂ કરી છે.

લિ.

સદ્ગુરુ ૐઋષિ સ્વામી "ૐગુરુ"

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન સફેદ કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લાલ કલરના વસ્ત્રમાં ઘઉંના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને લીલા કલરના વસ્ત્રમાં મગના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન વાદળી કલરના વસ્ત્રમાં વાલના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ સફેદ કલરના વસ્ત્રમાં કઠોળના ચણાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ ગુલાબી કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૨૧-૦૬-૨૪ | શુક્રવાર | ૐ સૂર્યાતીકા |
| ૨૨-૦૬-૨૪ | શનિવાર | ૐ લક્ષ્મીતા |
| ૨૩-૦૬-૨૪ | રવિવાર | ૐ વાજલક્ષ્મી |
| ૨૪-૦૬-૨૪ | સોમવાર | ૐ ત્રાજલક્ષ્મી |
| ૨૫-૦૬-૨૪ | મંગળવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ |
| ૨૬-૦૬-૨૪ | બુધવાર | ૐ ઈન્દ્રદેવ |
| ૨૭-૦૬-૨૪ | ગુરુવાર | ૐ ધનકુબેર |
| ૨૮-૦૬-૨૪ | શુક્રવાર | ૐ શુભલક્ષ્મીદેવી |
| ૨૯-૦૬-૨૪ | શનિવાર | ૐ ગજલક્ષ્મીદેવી |
| ૩૦-૦૬-૨૪ | રવિવાર | ૐ શક્તિમ્ય |
| ૦૧-૦૭-૨૪ | સોમવાર | ૐ કુબેરાતી |
| ૦૨-૦૭-૨૪ | મંગળવાર | ૐ ગુરુતાદેવ |
| ૦૩-૦૭-૨૪ | બુધવાર | ૐ શુક્રતાદેવ |
| ૦૪-૦૭-૨૪ | ગુરુવાર | ૐ સૂર્યતાદેવ |
| ૦૫-૦૭-૨૪ | શુક્રવાર | ૐ શનિતાદેવ |
| ૦૬-૦૭-૨૪ | શનિવાર | ૐ ચંદ્રતાદેવ |

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૦૭-૦૭-૨૪ | રવિવાર | ૐ બુધતાદેવ |
| ૦૮-૦૭-૨૪ | સોમવાર | ૐ મંગલીતાદેવ |
| ૦૯-૦૭-૨૪ | મંગળવાર | ૐ લાવીન્ય |
| ૧૦-૦૭-૨૪ | બુધવાર | ૐ શિવમ્ |
| ૧૧-૦૭-૨૪ | ગુરુવાર | ૐ શ્રીકૃષ્ણાય |
| ૧૨-૦૭-૨૪ | શુક્રવાર | ૐ શિવોહમ્ |
| ૧૩-૦૭-૨૪ | શનિવાર | ૐ નવદુર્ગેશ્વરી |
| ૧૪-૦૭-૨૪ | રવિવાર | ૐ સિદ્ધાતી |
| ૧૫-૦૭-૨૪ | સોમવાર | ૐ પ્રવાજીતા |
| ૧૬-૦૭-૨૪ | મંગળવાર | ૐ લક્ષ્મીન્ય |
| ૧૭-૦૭-૨૪ | બુધવાર | ૐ ધનીતા |
| ૧૮-૦૭-૨૪ | ગુરુવાર | ૐ પ્રવાકકુબેર |
| ૧૯-૦૭-૨૪ | શુક્રવાર | ૐ દિવ્યરક્ષા |
| ૨૦-૦૭-૨૪ | શનિવાર | ૐ શુભકુબેરમ |
| | | |
| | | |

## • સટીક પ્રયોગ •

### આપના ઘરમાં અને મનમાં શાંતિ રહે તેમજ મન પ્રસન્ન રહે એ માટે નીચે આપેલ સટિક પ્રયોગ અવશ્ય કરો

સૌપ્રથમ એક વાડકીમાં પાણી લઈ અનામિકા આંગળી પાણીમાં રાખી **॥ ૐ શાંતિ શાંતિ વિશ્વમાન કુરુ કુરુ વામ સ્વાહા ॥** આ મંત્ર સાત વખત બોલવો. ત્યારબાદ ૐ નમઃ, ૐ નમઃ, ૐ નમઃ ત્રણ વખત બોલવું. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પાણી ઘરમાં છાંટી દેવું. ધીરે-ધીરે આપના ઘરમાં અને મનમાં શાંતિ થશે અને આપ આનંદમય જીવન પસાર કરી શકશો. આ સટિક પ્રયોગ રોજ રાત્રે ૯ થી ૧૧ માં અથવા તો આખા દિવસ દરમ્યાન ગમેત્યારે કરી શકો છો.

# મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના આશીર્વાદથી સેન્ટ્રલ બોર્ડની પરીક્ષામાં ઉચ્ચ પરિણામ મેળવનાર પરમ ગુરુભક્ત બાળકોના અનુભવ

## રુદ્ર તેજસ ખત્રી



હું ૨ વર્ષનો હતો ત્યારથી ગુરુજીના મંત્ર અને ચાલીસા કરું છું અને હંમેશા એમના માર્ગદર્શન હેઠળ જ હું ચાલુ છું. મને એમના પર અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ છે. સેન્ટ્રલ બોર્ડની SSCની પરીક્ષામાં હું ૯૫.૪% સાથે ઉત્તીર્ણ થયો છું એનો શ્રેય મારી સખત મહેનતની સાથે-સાથે ખાસ ગુરુજીને પણ આપું છું, કારણકે એમની રચિત ૐકાર ચાલીસા, ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસાના પઠનથી તેમજ એમણે આપેલ દિવ્ય મંત્ર અને આશીર્વાદ થકી જ આજે હું ધાર્યું ઉત્તમ પરિણામ મેળવી શક્યો છું. મારા જીવનનું લક્ષ્ય સિદ્ધ કરવામાં ગુરુજીના આશીર્વાદ સદાય મારી સાથે રહે એવી હું એમના ચરણોમાં પ્રાર્થના કરું છું. ગુરુજીના ચરણોમાં મારા સાષ્ટાંગ દંડવત પ્રણામ....

## જાન્હવી શાહ



ગુરુજીના આશીર્વાદથી મેં દસમા ધોરણમાં ખૂબ જ મહેનત કરી હતી. ગુરુજીની રચિત ૐકાર ચાલીસા અને મંત્રથી મને સારું રીઝલ્ટ મેળવવામાં ખૂબ જ સફળતા મળી છે. ગુરુજીના આશીર્વાદથી સેન્ટ્રલ બોર્ડની SSCની પરીક્ષામાં હું ૯૫.૬૬% સાથે ઉત્તમ પરિણામ મેળવી શકી છું. ગુરુજીનો ખૂબ ખૂબ આભાર કે એમણે મને દસમા ધોરણમાં ઉચ્ચ પરિણામ મેળવી શકું એવા આશીર્વાદ આપ્યા. ગુરુજીને શત્ શત્ વંદન...

## દ્વીપ હર્ષદભાઈ ખીમાણી



પ.પૂ. ગુરુદેવના ચરણોમાં વંદન...

આજના સમયમાં દરેક વ્યક્તિ કંઈ ને કંઈ પોતાના જીવનમાં ચમત્કારની સાથે જીવે છે. એવો એક ચમત્કાર મારી સાથે પણ પ.પૂ. ગુરુદેવના આશીર્વાદથી બન્યો ને હું ચકિત થઈ ગયો.

વાત છે મારા અભ્યાસની, હું ૧૦મા ધોરણમાં અભ્યાસ કરતો પણ કેવો? મોજથી... શરૂ શરૂમાં બધાંના એટલેકે મમ્મી, પપ્પા, સ્કૂલના સર, ટીચર, ટ્યુશનના સર, ટીચર એ

ઓછા હતા તો આજુબાજુના પડોશી ભારે ભરખમ ફૂલ ટેન્શન અપાવે એવા વગર માંગ્યે મળતા સલાહસૂચનો મોજને બોજ બનાવી જતા! પણ હું તો મોજ મોજ ને મોજ...

એવામાં સમય સરકી ગયો. ખબર જ ના પડી કે **Final Exam** સામે આવી ઊભી દેખાણી એટલે કે માત્ર બે જ મહિના દૂર... ને એવામાં મને સ્કૂલેથી કહેવામાં આવ્યું કે મને **Exam**માં બેસવા દેવામાં નહીં આવે, કારણ મારા **School Absence** (અઠવાડિયામાં ત્રણ દિવસ જવાનું ને મોજથી ભણવાનું), ને એ દિવસ ફરી બોજ બની ગયો. મોટો બોજ! ફુલ ટેન્શન, કંઈ સૂઝ ના પડે ને ત્યારે વિઘ્નહર્તા પ.પૂ. ગુરુજીના દર્શને જવું છે, આશીર્વાદ લેવા. **Exam** આવે છેને!! મેં હળવા સ્મિત સાથે નરમ અવાજે રાત્રે પપ્પાને કહ્યું ને પ.પૂ. ગુરુજીના દર્શને જવાનું નક્કી કર્યું ને બીજે દિવસે સવારે ૐકાર ચાલીસા સાથે ગાડી **Start** થઈ. પ.પૂ. ગુરુજીના આશીર્વાદ લેવા અમદાવાદ આશ્રમે પહોંચી હળવાશનો શ્વાસ લીધો.

પછી પ.પૂ. ગુરુજીની સમક્ષ બેસી ગયો. બેસતાની સાથે જ પ.પૂ. ગુરુદેવના મુખેથી નીકળતા શબ્દો..!!! કેવું ચાલે દ્વીપ!! એટલું સાંભળી ભીંજાયેલ આંખો, નરમાશવાળો ચહેરો ને ટૂટેલા ટેન્શનવાળા શબ્દો સાથે બોલી ગયો. ગુરુદેવ મને **Exam**માં નહીં બેસવા દેવામાં આવે એવું સ્કૂલમાંથી મને કહેવામાં આવ્યું છે.

ગુરુજીના એક જ શબ્દથી પાછો "બોજ બની ગયો મોજ". "હું છું ને" એમ કહી આશીર્વચન સાથે સમજણના બે શબ્દો કીધા ને મંત્રશક્તિપાત આપું છું જે નિત્યક્રમ બનાવી ચૂક્યા વગર જરૂરથી રોજ કરજે ને સાથે એક ૐકાર ચાલીસાનો પાઠ પણ, પછી જો ચમત્કાર. એ શબ્દ આજે પણ સારી રીતે યાદ છે.

ને પછી હું પ.પૂ. ગુરુદેવના સમજાવ્યા પ્રમાણે ૐકારધામ તીર્થ શ્રી ક્ષેત્રપાળવીર દાદાનું આપેલ યંત્રને સાથે રાખી રોજ મંત્રશક્તિપાત, ૐકાર ચાલીસા અને અભ્યાસમાં પૂરતું ધ્યાન આપવા લાગ્યો. દિવસે-દિવસે મારી અભ્યાસમાં રૂચી વધતી ગઈ ને છેલ્લે ફાઈનલ **Exam**માં થયો ચમત્કાર ૮૮%... મોજ મોજ ને મોજ.

પરમ પૂજ્ય ગુરુદેવના ચરણોમાં કોટી કોટી વંદન... ૐ નમઃ... ૐ નમઃ... ૐ નમઃ...

જાહેર આમંત્રણ

"દર્શન માત્ર સે મિટે કષ્ટ"

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮

પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના

## ગુરૂપૂર્ણિમા ના પાવન દિવસે

ૐકારની દિવ્યકૃપા અને મંત્રથી તેજોમય

# મહાદર્શન સમાગમ



**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**
**પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી**

**શુભ તારીખ**
૨૧ જુલાઈ, ૨૦૨૪ - રવિવાર

**શુભ સમય**
સવારે ૧૦ થી બપોરે ૨ કલાક સુધી

**શુભ સ્થળ**

**અન્નપૂર્ણા હોલ,**
આંગીફલેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**M: 9537220959**

|| ૐ નમઃ ||

# જાહેર આમંત્રણ

## "દર્શન માત્ર સે મિટે કષ્ટ"

### મંત્ર – દર્શન – ચમત્કાર

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના

# પૂનમ મહાદર્શન



ૐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

ૐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

**૨૨ જૂન, ૨૦૨૪ - શનિવાર**

**શુભ સમય**

**સવારે ૧૦ થી બપોરે ૨ કલાક સુધી**

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

**આંગીફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

RNI GUJGUJ/2015/65690

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**